## રાજ્ય પરીક્ષા બોર્ડ, ગુજરાત રાજ્ય, સેક્ટર-૨૧, ગાંધીનગર

## શિક્ષક યોગ્યતા કસોટી-II (TET-II) -૨૦૨૨

રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા નિયત લાયકાત ધરાવતા ઉમેદવારો માટે તા.૧૭/૧૦/૨૦૨૨ના જાહેરનામાં ક્રમાંક:રાપબો/TET-II/૨૦૨૨/૯૬૨૩-૯૭૦૯ થી "શિક્ષક યોગ્યતા કસોટી-II (TET-II)-૨૦૨૨" નું આયોજન કરવા માટેનું જાહેરનામુ બહાર પાડવામાં આવેલ છે.

શિક્ષણ વિભાગના તા.૧૭/૦૩/૨૦૨૩ના ઠરાવ ક્રમાંક:પીઆરઇ/૧૧૧૦-૨૨૩-ક થી ધો. ૬ થી ૮ ઉચ્ચત્તર પ્રાથમિક શાળા માટે વિદ્યાસહાયકની ભરતી અને ઉમેદવારોની પસંદગી માટે શૈક્ષણિક અને તાલીમી લાયકાત નિયત કરવામાં આવેલ જેમા કેટલીક નવી લાયકાતો ઉમેરવામાં આવી છે.

જેથી શિક્ષણ વિભાગના તા.૧૭/૦૩/૨૦૨૩ ના ઠરાવ થી નિયત કરવામાં આવેલ લાયકાત ધરાવતા ઉમેદવારો નીચેની વિગતે http://ojas.gujarat.gov.in પર ઓનલાઈન રજીસ્ટ્રેશન ફોર્મ અને નેટ બેંકીંગ મારફત ફી ભરી શકશે. જેની તમામ સંબંધિતોએ નોંધ લેવા વિનંતી છે.

| ક્રમ | વિગત | તારીખ/સમયગાળો |
|---|---|---|
| ૧ | ઉમેદવારો માટે રજીસ્ટ્રેશન ફોર્મ ઓનલાઈન ભરવાનો સમયગાળો | ૨૦/૦૩/૨૦૨૩ થી ૨૯/૦૩/૨૦૨૩ |
| ૨ | નેટ બેંકીંગ મારફત ફી સ્વીકારવાનો સમયગાળો | ૨૦/૦૩/૨૦૨૩ થી ૨૯/૦૩/૨૦૨૩ |
| ૩ | પરીક્ષાની તારીખ | ૨૩/૦૪/૨૦૨૩ |

TET-II ની પરીક્ષા આપવા અત્રેની કચેરીના તા.૧૭-૧૦-૨૦૨૨નાં જાહેરનામાના અનુસંધાને જે ઉમેદવારોએ ફોર્મ ભરેલ હતા તે ઉમેદવારો તેમજ આ સુધારેલા જાહેરનામા અને શિક્ષણ વિભાગનાં ઠરાવ તા.૧૭-૦૩-૨૦૨૩નાં ઠરાવથી નિયત કરેલ શૈક્ષણિક લાયકાતો ધરાવતા તા.૨૯-૦૩-૨૦૨૩ સુધી ઓનલાઇન આવેદનપત્રો ભરનાર તમામ ઉમેદવારોની કસોટી તા.૨૩-૦૪-૨૦૨૩નાં રોજ યોજાશે.

શૈક્ષણિક લાયકાત તેમજ વયમર્યાદાની વિગતોની ચકાસણી ભરતી પસંદગી સમિતિ દ્વારા કરવામાં આવશે અને આ અંગે ભરતી પસંદગી સમિતિનો નિર્ણય જ અંતિમ રહેશે.

પરીક્ષા સંબંધી વિગતોથી સતત માહિતગાર થવા માટે http://www.sebexam.org વેબસાઈટ જોતા રહેવાનું રહેશે.

તારીખ:૧૮/૦૩/૨૦૨૩ સચિવ, રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર

## રાજ્ય પરીક્ષા બોર્ડ, ગુજરાત રાજ્ય, સેક્ટર-૨૧, ગાંધીનગર

## શિક્ષક યોગ્યતા કસોટી-I (TET-I) -૨૦૨૨ પરીક્ષા લેવા બાબત

રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા નિયત લાયકાત ધરાવતા ઉમેદવારો માટે તા.૧૭/૧૦/૨૦૨૨ના જાહેરનામાં ક્રમાંક:રાપબો/TET-I/૨૦૨૨/૯૫૩૭-૯૬૨૨ થી "શિક્ષક યોગ્યતા કસોટી-I (TET-I)-૨૦૨૨" નું આયોજન કરવા માટેનું જાહેરનામુ બહાર પાડવામાં આવેલ છે. આ જાહેરનામાં અન્વયે જે ઉમેદવારોએ ઓનલાઈન આવેદનપત્રો તેમજ ફી ભરેલ હતી તેમની પરીક્ષા તા.૧૬/૦૪/૨૦૨૩ના રોજ લેવામાં આવશે.

| ક્રમ | વિગત | પરીક્ષાની તારીખ |
|---|---|---|
| ૧ | ટેટ-૧ પરીક્ષા | ૧૬/૦૪/૨૦૨૩ |

શૈક્ષણિક લાયકાત તેમજ વયમર્યાદાની વિગતોની ચકાસણી ભરતી પસંદગી સમિતિ દ્વારા કરવામાં આવશે અને આ અંગે ભરતી પસંદગી સમિતિનો નિર્ણય જ અંતિમ રહેશે.

પરીક્ષા સંબંધી વિગતોથી સતત માહિતગાર થવા માટે http://www.sebexam.org વેબસાઈટ જોતા રહેવાનું રહેશે.

તારીખ:૧૮/૦૩/૨૦૨૩ સચિવ, રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર